**૧. જાહેરાત ક્રમાંક:-૦૨/૨૦૨૩:** વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરની (GBRC) વૈજ્ઞાનિક-બી સંવર્ગની આરક્ષિત જગ્યાઓ (સાતમો પ્રયત્ન) પર ઉમેદવારો પસંદ કરવા માટે તા. ૨૪/૧૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. છેલ્લી તારીખ બાદ મળેલ અરજી માન્ય રાખવામાં આવશે નહી. આ જાહેરાત પૈકી ઉમેદવારે ઓનલાઇન અરજી કરી તેની અરજીની નકલ ઉમેદવારની સહી તથા કલર પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે જીબીઆરસીના સરનામે પોસ્ટ અથવા કુરિયર મારફત મોકલવાની રહેશે. અરજી કરવાની અને પસંદગીની પ્રક્રિયા નીચે દર્શાવેલ છે.

**જીબીઆરસીની સંવર્ગવાર જગ્યાઓ:**

| Name of position | Total Post | Category wise Posts | | Out of Category wise posts reserved for women | |
|---|---|---|---|---|---|
| | | S.&E.B.C. | S.T. | S.&E.B.C. | S.T. |
| **Scientist-B (Group-I)*** | 03 | 1 | 2 | 1 | 0 |
| *Positions to be filled preferably in various subjects - Animal Biotechnology, Industrial Biotechnology/ Environmental Biotechnology, Marine Biotechnology, | | | | | |

Scientis B (Group-I) positions are to be filled in various specialization of biotechnology and vacancy distribution for the same is produced in the table below and qualification criteria of the same is provided at para 4(1) below. This distribuation will be across all categories from the total number of posts:

| Preferable specialization area fro Scientist-B (Group-I) | No. of post |
|---|---|
| Animal Biotechnology | 1 |
| Industrial/Environmental Biotechnology | 1 |
| Marine Biotechnology | 1 |
| Total | 3 |

ખાસ નોંધ: ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હકક જીબીઆરસીનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

**૨. નાગરિકત્વ:** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

**3. ઉંમર અને તેમાં છૂટછાટ :**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૧/૧૨/૨૦૨૩ના રોજ ઉમેદવારે ૧૮(અઢાર) વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ અને ઉપલી વયમર્યાદા પૂરી કરેલ ન હોવી જોઈએ. ઉપલી વયમર્યાદા ટેબલ ૪(૧) માં દર્શાવેલ છે.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(3) (૧)મૂળ ગુજરાતના અનુ. જનજાતિ પુરુષ ઉમેદવાર-પાંચ વર્ષ

(૨) મૂળ ગુજરાતના અનુ. જનજાતિ, સા.અને શૈ.પ. વર્ગોના મહિલા ઉમેદવાર-પાંચ વર્ષ

આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઈ ગયેલ છે. વધુમાં વધુ વયમર્યાદા ૪૫ વર્ષની મળવા પાત્ર છે.

**૪. જીબીઆરસીની વૈજ્ઞાનિક-બી(ગ્રુપ-૧) ની જગ્યાઓની લાયકાત**

| 1 | Post Name | Details | | |
|---|---|---|---|---|
| | Scientist-B (Group-1) | 1 | Educational Qualification (Preferable) for Animal Biotechnology | (i) Ph.D. in Science/ Engineering/ Technology/ Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-I to this advertisement** from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and<br>(ii) Master's degree in Science/ Engineering/ Technology / Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-I to this advertisement** with at least 60% marks from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; |
| | | 2 | Age | not be more than 40 years of age |
| | | 3 | Knowledge of Computer | Candidate must possess certificate/marksheet of basic knowledge of Computer from training institute or should have results with computer as a subject in degree or diploma curriculum from Government approved University or should have passed 10th or 12th examination with computer as a subject as prescribed by GAD in Government Resolution No. CRR/10-2007/08/2008 dated 13/08/2008 |
| | | 4 | Language Proficiency | Candidate should have adequate knowledge in Gujarati or Hindi or both. |
| | | 5 | Pay Scale (Pay Metrics) | Rs. 56,100-1,77,500 (Level-10) (As per 7th Pay Commission) |
| **2** | **Post Name** | **Details** | | |
| | Scientist-B (Group-1) | 1 | Educational Qualification (Preferable) for Industrial/ Industrial/Environmental Biotechnology | (i) Ph.D. in Science/ Engineering/ Technology/ Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-II to this advertisement** from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | (ii) Master's degree in Science/ Engineering/ Technology / Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-II to this advertisement** with at least 60% marks from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; |
| | | 2 | Age | not be more than 40 years of age |
| | | 3 | Knowledge of Computer | Candidate must possess certificate/marksheet of basic knowledge of Computer from training institute or should have results with computer as a subject in degree or diploma curriculum from Government approved University or should have passed $10^{th}$ or $12^{th}$ examination with computer as a subject as prescribed by GAD in Government Resolution No. CRR/10-2007/08/2008 dated 13/08/2008 |
| | | 4 | Language Proficiency | Candidate should have adequate knowledge in Gujarati or Hindi or both. |
| | | 5 | Pay Scale (Pay Metrics) | Rs. 56,100-1,77,500 (Level-10) (As per $7^{th}$ Pay Commission) |
| **3** | **Post Name** | **Details** | | |
| | Scientist-B (Group-1) | 1 | Educational Qualification (Preferable) for Marine Biotechnology | (i) Ph.D. in Science/ Engineering/ Technology/ Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-III to this advertisement** from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; and<br>(ii) Master's degree in Science/ Engineering/ Technology / Veterinary Science/ Pharmacy in any subject mentioned in the **Annexure-III to this advertisement** with at least 60% marks from any of the Universities established or incorporated by or under the Central or State or a Provincial Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; |
| | | 2 | Age | not be more than 40 years of age |
| | | 3 | Knowledge of Computer | Candidate must possess certificate/marksheet of basic knowledge of Computer from training institute or should have results with computer as a subject in |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | degree or diploma curriculum from Government approved University or should have passed 10th or 12th examination with computer as a subject as prescribed by GAD in Government Resolution No. CRR/10-2007/08/2008 dated 13/08/2008 |
| | | 4 | Language Proficiency | Candidate should have adequate knowledge in Gujarati or Hindi or both. |
| | | 5 | Pay Scale (Pay Metrics) | Rs. 56,100-1,77,500 (Level-10) (As per 7th Pay Commission) |

**૫. પગાર ધોરણ :**

૫(૧) જીબીઆરસી ખાતે વૈજ્ઞાનિક-બી માટે ૭માં પગારપંચ પ્રમાણે પે મેટ્રીક્સ - રૂ.૫૬,૧૦૦-૧,૭૭,૫૦૦ (લેવલ-૧૦) તથા નિયમોનુસાર અન્ય ભથ્થાઓ મળવાપાત્ર રહેશે

૫(૨) અજમાયશી સમય દરમ્યાન ઉપરોકત દર્શાવેલ જગ્યાઓમા ઈજાફો આપવામાં આવશે નહિ. તેમ છતાં સક્ષમ સત્તાધિકારી દ્વારા અજમાયશી સમય સંતોષકારક રીતે પૂર્ણ થયે ઈજાફો મંજૂર કરવામાં આવશે.

૫(૩) ફરજો: સરકાર તરફથી સંબંધિત જગ્યા માટે વખતો વખત સોંપવામાં આવે તે કામગીરી.

**૬. જાતિ પ્રમાણપત્ર :**

૬(૧) અનામત વર્ગના ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે.

૬(૨) મૂળ ગુજરાતના અનુ.જનજાતિના અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ પ્રમાણપત્રનો નંબર અને તારીખ અરજીપત્રકમાં યોગ્ય જગ્યાએ દર્શાવવાનો રહેશે.

૬(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૬(૪) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમુના પરિશિષ્ટ-'ક' મુજબનું અથવા ઉક્ત વિભાગના તા. ૨૭-૦૪-૨૦૧૦ના ઠરાવથી નિયત કરાયેલ ગુજરાતી નમુના પરિશિષ્ટ-'૪' મુજબનું પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાનું રહેશે.

(બ) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગે પ્રમાણપત્ર'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા – વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવુ પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઇએ. **(એટલે કે તા- ૦૧/૦૪/૨૦૨૧ થી તા- ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં)** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલું હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ. નોંધ : ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં હોવા અંગેના પ્રમાણપત્રની માન્યતા/ સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો/ પરિપત્રોની જોગવાઈઓ આખરી ગણાશે.

(ક) પરિણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તે માન્ય રાખવામાં આવશે નહી અને ઉમેદવારને તે અંગે લાભ મળવાપાત્ર થશે નહી.

(ડ) જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહીં હોય તો તેઓનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી અને તેઓને આ સંદર્ભમાં લાભ મળવાપાત્ર થશે નહી.

(ઇ) ઉમેદવારે અરજી કરતી વખતે જે "ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેનું પ્રમાણપત્ર" ની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્રની અસલ અને નકલ માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે. જો આવાં પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અથી ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈછિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા- પિતા/ વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC)ને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિ કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈછિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/ માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

૬(૫) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

**૭. વિધવા ઉમેદવાર**: સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૮૬ /૨૨૧૩/ગ(૨)માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૦૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે, પરંતુ તેઓએ ભરતી પ્રક્રીયા તથા નિમણૂંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત જીબીઆરસીની કચેરી માંગે ત્યારે તેના જરૂરી તમામ પુરાવાઓ અસલમાં જીબીઆરસીની કચેરીમાં રજુ કરવાના રહેશે.

**૮. રમતગમતમાં ભાગ લીધેલ ઉમેદવાર:-** માન્ય રમતગમતની માન્ય સ્પર્ધાઓમાં વિજેતા થયા/ભાગ લીધેલ હોવાના નિયત નમુનાના પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તા.૧૮-૪-૨૦૦૧ તેમજ વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઈ મુજબ નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર જીબીઆરસી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના વધારાના મળવાપાત્ર ગુણ માટે હકકદાર થશે. અરજીપત્રકના કોલમમાં Sports વિગતો દર્શાવનાર ઉમેદવારે જીબીઆરસી માંગે ત્યારે ઉકત્ત ઠરાવથી નિયત નમૂનામાં ઠરાવેલ આવુ પ્રમાણપત્ર રજૂ નહી કરી શકે તો આવા ઉમેદવારને Sports ના વધારાના ગુણ મળવાપાત્ર થશે નહી.

૯. સામાન્ય શરતો:

(૧) ભરતી પ્રક્રિયા અંગેની તમામ કાર્યવાહી જીબીઆરસી દ્વારા અને જરૂર જણાય ત્યાં ચેરમેનશ્રી, પસંદગી સમિતિની મંજૂરીથી હાથ ધરવાની રહેશે. સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન કોઇ વિશેષ મુદ્દો ઉપસ્થિત થશે તો તે બાબતે ચેરમેનશ્રી, પસંદગી સમિતિ અને સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો નિર્ણય આખરી રહેશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ કે તેમાં ફેરફાર કરી શકાશે નહી.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીગુણ (Qualifing Marks)મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ગુજરાત સરકારના કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અચૂક કરવાની રહેશે અને જાણ કરેલ હોવાનો પુરાવો જીબીઆરસી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

(૫) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો જીબીઆરસીને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૬) આ જાહેરાતમાં ઉમેદવારે આપેલ માહિતીના આધારે પ્રાથમિક ચકાસણી બાદ જ ઉમેદવારને લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે. જેમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જેમકે અનુસ્નાતક તેમજ Ph.D.ના વિષય તથા અનુસ્નાતક કક્ષામાં મેળવેલ ગુણની ચકાસણી કરવામાં આવશે. (ઓનલાઈન અરજીમાં ઉમેદવાર દ્વારા જણાવ્યા મુજબ જ ગણવામાં આવશે. અગર આ માહિતી પછીના સ્ટેજ પર ખોટી માલૂમ પડશે તો ઉમેદવારની માન્યતા રદ્દ થવા પાત્ર ઠરશે.). નોંધ- અહી પ્રાથમિક ચકાસણીનો મતલબ અરજીને સાચી છે તેમ માનીને થાય છે. ઉમેદવારની સાચી ખરાઈ અસલ પ્રમાણપત્રોની ચકાસણીબાદ જ ગણાશે.

**૧૦. અરજી ફી :**

(૧). જાહેરાતમાં સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારે અરજી દીઠ રૂ. ૨૫૦/- ફી ચૂકવવાની રહેશે અને અનુસૂચિત જનજાતિ વર્ગના દરેક ઉમેદવારોએ અરજી દીઠ રૂ. ૧૦૦/- ચુકવવાની રહેશે. આ જાહેરાત અનુસંધાને અગર કોઈ ઉમેદવાર દ્વારા ફી ચૂકવેલ નહીં હોય અથવા ઉક્ત દર્શાવેલ ફી કરતાં ઓછી ફી ભરેલ હશે તો તેઓની અરજી રદ્દ થવા પાત્ર ઠરશે.

**૧૧. Online અરજી કરવાની રીત:-**

આ જાહેરાતના સંદર્ભમાં જીબીઆરસી દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તારીખ **તા. ૨૪/૧૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩** રાત્રિના ૨૩.૫૯ સુધીમાં https://job.gbrc.res.in પર ઓનલાઇન અરજી ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

(૧) ઉમેદવારે અરજી શરૂ કરતાં પહેલા નીચે મુજબની ફાઇલ્સ તૈયારી રાખવી હિતાવહ છે

| વિગત | ફોર્મેટ/માહિતી |
|---|---|
| Caste Certificate (if applicable) | PDF (Max. 250KB) |
| Non-creamylayer certificate (if applicable) | PDF (Max. 250KB) |
| EWS certificate (if applicable) | PDF (Max. 250KB) |
| Fees Paid recipt from SBI# | JPEG/JPG (Max. 250KB) |
| Passport Photograph (Photograph Should be recent and clear) | JPEG/JPG (Max. 15KB) |
| Signature (Sign should be clearly visible) | JPEG/JPG (Max. 15KB) |
| Date of Birth Proof | PDF (250 KB) |
| CV or Resume | PDF (Max. 250KB) |
| Graduate Final year marksheet | PDF (Max. 250KB) |
| Postgraduate Final year marksheet | PDF (Max. 250KB) |
| Ph.D. Declaration/Notification certificate* | PDF (Max. 250KB) |
| Ph.D. Degree certificate* | PDF (Max. 250KB) |
| Experience Certificates (if any) | PDF (Max. 250KB) |
| * Applicable to only Scientist-B candidates. Please upload combined Ph.D. Documents in single file<br># Applicatnt will need to submit Application fees seperatly for each position | |

(૨) સૌ પ્રથમ https://job.gbrc.res.in પર જવું આ વેબ પોર્ટલ પર પસંદગીના સંવર્ગ સામે "REGISTER HERE" પર ક્લિક કરી ઉમેદવારે પોતાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે. અહી પ્રાથમિક માહિતી અંતર્ગત ઉમેદવારે પોતાની વિગત, કેટેગરી, ભાષાની માહિતી, ફી ભર્યાની માહિતી આ પ્રાથમિક માહિતી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો ઈ-મેઇલ આઈડી વેરીફાય કરવાનો રહેશે. (અહી આપેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઇલ આઈડી ઉમેદવાર નો ખુદનો હોય તે હિતાવહ છે તેમજ સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આપેલ નંબર ચાલુ રહે તેની તકેદારી રાખવી).

(૩) ઉપરોક્ત સ્ટેપ-૨ અંતર્ગત ઉમેદવારે પોતાની કેટેગરી જણાવવાની રહેશે અને તે હેઠળ જો ઉમેદવાર જે તે અનામત કક્ષાથી હશેતો તેઓને જાતિના પ્રમાણપત્ર તથા લાગુ હોય તો નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની માહિતી આપવાની રહેશે અથવા માંગેલ સર્ટિફિકેટની માહિતી પૂરી પાડવાની રહેશે તેમજ લાગુ પડતાં દસ્તાવેજ અપલોડ કરવાના રહેશે.

(૪) "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગતો ટીક કરવી.

(૫) ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો ફોટો અપલોડ કરવાનો રહે છે. (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (15 KB) સાઇઝ થી વધારે નહિ તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Open ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહશે.

(૬) અરજી કરનાર ઉમેદવારે પોતાના લાયકી વિષય પસંદ કરવાનો રહે છે. જે પૈકી ઉમેદવારે ઓછામાં ઓછો એક અને વધુ માં વધુ ત્રણ વિષય પસંદ કરવાના રહેશે. જે વિષયમાં ઉમેદવાર અરજી કરવા માંગતા ન હોય અથવા એલિજીબલ ન હોય તો જે-તે વિષય સામે ફિલ્ડ ખાલી રાખવાની રહેશે. **(નોંધ- અહી પસંદ કરેલ તેમજ આપેલ માહિતી પાછળ થી બદલી શકાશે નહીં)**

(૭) ઉપરોક્ત સ્ટેપ પૂર્ણ થયેથી ઉમેદવારને ઈમેઇલ વેરિફિકેશન કરવાનું રહેશે. એક વખત ઈમેઈલ વેરિફિકેશન થયા બાદ ઉમેદવારે પોર્ટલમાં લૉગિન કરવાનું રહેશે અને પોતાની શૈક્ષણિક તથા અનુભવની માહિતી આપવાની રહેશે.

(૮) "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શૂન્ય" ભરવાની રહેશે. અહી ઉમેદવારે જાહેરાતમાં આપેલ વિષય પૈકી કોઈ પણ એક વિષય સાથે ડિગ્રી હોવી અનિવાર્ય છે.

(૯) શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવી હોય તો ઉમેદવારે ટકાવારી માં રૂપાંતર કરીને માહિતી ભરવાની રહેશે.

(૧૦) Experience Details (અનભુવની માહિતી) માં ઉમેદવારે પોતે લાયકાત મેળવ્યા બાદ નો મેળવેલ અનુભવ/નોકરીના વર્ષ અને તારીખની ક્રમાનુસાર વિગતો ભરવી.

(૧૧) એક કરતાં વધુ વખત કરેલ અરજીના કિસ્સામાં અંતિમ કરેલ અરજી માન્ય ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી અંતિમ કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે અંતિમ કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી અંતિમ અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

(૧૨) અરજી કરતાં પહેલા ઉમેદવારે પોતાની કેટેગરી મુજબ ફી જમા કરાવવાની રહેશે. અને કોઈ પણ સંજોગોમાં અરજી ફી પાર્ટ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૩) આ જાહેરાત અંતર્ગત દરેક ઉમેદવારે પોતાની ચૂકવવાની થતી ફી SBI- Collect મારફત ભરવાની રહેશે જેની લિન્ક આ મુજબ છે. https://www.onlinesbi.sbi/sbicollect/

(૧૪)(૧) સૌપ્રથમ "I have read and accepted the terms and conditions stated above" ચેક બોક્સ "click" કર્યા બાદ "Proceede" પર "click" કરવું.

(૧૪)(૨) ત્યારબાદ "State of Corporate / Institution * " ઓપ્શન માંથી "Gujarat" સિલેકટ કરવું તથા "Type of Corporate / Institution * " પૈકી "Govt. Department" સિલેકટ કરી go બટન પ્રેસ કરવું

(૧૪)(૩ )ત્યારબાદ "Govt Department Name *" પૈકી "GUJARAT BIOTECHNOLOGY RESEARCH CENTRE" સિલેકટ કરી go બટન પ્રેસ કરવું

(૧૪)(૪)ત્યારબાદ ઉમેદવારે "Select Payment Category *" લાગુ પડતા સંવર્ગને પસંદ કરી માંગવામાં આવેલ દરેક માહિતી ભરી પસંદગીની પેમેન્ટ સુવિધા મારફતે પેમેન્ટ કરવું.

(૧૪)(૫)સફળ પેમેન્ટ બાદ ઉમેદવારે પેમેન્ટ રેફરન્સ નંબર નોંધિ લેવો તથા પેમેન્ટ રિસીપ્ટ સેવ કરી લેવી જેનો ઉપયોગ અરજી માટે કરવાનો રહેશે.

(૧૫)દરેક ઉમેદવારે અરજી કર્યા બાદમાં પ્રિન્ટ કરેલી એપ્લીકેશનમાં નિયત જગ્યાએ પોતાનો ફોટો ચોટાડી, સહી કરવાની રહેશે. ઉમેદવારે સહી કરેલ અરજી ની પ્રિન્ટ, તેમજ જરૂરી બધાજ દસ્તાવેજ જીબીઆરસીને "જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ" લખી નીચેના સરનામા ઉપર પોસ્ટ અથવા કુરિયર મારફત મોકલી આપવાની રહેશે. **(ઉમેદવારની અરજી કચેરીને તા. ૦૬/૦૧/૨૦૨૪ સુધીમાં પહોચડવાની રહેશે તેમજ ત્યાર બાદ આવેલ અરજી માન્ય ગણવામાં આવશે નહીં અને ઉમેદવારી રદ્દ ગણવામાં આવશે.)**

સરનામું:

ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર
ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી,
એમએસ બિલ્ડિંગ, બ્લોક બી એન્ડ ડી,
6ઠ્ઠો માળ, ધ-રોડ, સેક્ટર-11,
ગાંધીનગર, ગુજરાત 382011
ફોન: 079-23258500

(૧૬) અરજી મળ્યા બાદ જીબીઆરસી દ્વારા તેની પ્રાથમીક ચકાસણી કરવામાં આવશે. જેમાં ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફીની માહિતી વેરીફાય કર્યાબાદ અરજી આગળની ચકાસણી માટે લેવામાં આવશે.

(૧૭) આ ભરતી જાહેરાત અન્વયે કુલ જગ્યાની સંખ્યા સામે નોંધાયેલ કુલ online Application (Duplicate Applications તથા પ્રાથમિક ચકાસણી માં અયોગ્ય ઠરેલ અરજી બાદ કર્યા પછી Valid Online Applications)ની સંખ્યા ૨૫ કરતાં વધુ હોય ત્યારે તે જાહેરાત અન્વયે પ્રથમ લેખિત કસોટી યોજવામાં આવશે અને લેખિત કસોટીના પરિણામને ઉમેદવારો પાસેથી અરજીપત્રક અને જરૂરી દસ્તાવેજો મેળવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ જો સીધી પસંદગીથી ભરતી અન્વયે જીબીઆરસી દ્વારા પ્રસિદ્ધ થયેલ જાહેરાત અન્વયે નોંધાયેલ કુલ Online Valid Applications ની સંખ્યા ૨૫ કે તેથી ઓછી હોય તો બધા જ ઉમેદવારો પાસેથી અરજીપત્રક તથા જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી તમામ દસ્તાવેજ મંગાવી પ્રથમ અરજી ચકાસણી બાદ લેખિત કસોટી યોજવામાં આવશે.

(૧૮) મળેલ બધી જ અરજીની પ્રાથમિક ચકાસણી કર્યા બાદ માન્ય અરજીઓ (Valid Applications)નું લિસ્ટ જીબીઆરસીની વેબસાઇટ ઉપર મૂકવામાં આવશે. તેમજ યોગ્ય ઉમેદવારોને ઈ-મેઇલ થી જાણ કરવામાં આવશે. આ સાથે અમાન્ય અરજીઓ (Invalid –Rejected Applciations)નું લિસ્ટ પણ વેબ સાઇટ ઉપર મૂકવામાં આવશે. જાહેર કરેલ યાદીમાં કોઈ પણ પ્રકારનો વાદ-વિગ્રહ અગર જણાયતો જે-તે ઉમેદવારે જાતે જીબીઆરસીને જરૂરી દસ્તાવેજો સાથે માત્ર ઈ-મેઇલ દ્વારા અરજી/આવેદન કરવાનું રહેશે. આ માટેનો માન્ય સમય ૩ દિવસ પૂરતો જ રહેશે તે બાદ મળેલ કોઈ પણ અરજીને ધ્યાને લેવામાં આવશે નહીં.

(૧૯) ઉપરોક્ત પ્રક્રિયા પૂર્ણ થયેથી આખરી માન્ય અરજીઓ (Final Valid Applications)નું લિસ્ટ જીબીઆરસી વેબસાઇટ પર રાખવામાં આવશે.

(૨૦) દરેક ઉમેદવારને જીબીઆરસી અથવા તેની નિયુક્ત કરેલી સંસ્થા દ્વારા ઈ-મેઇલ અને/અથવા પત્ર દ્વારા પરીક્ષા અર્થે કોલ-લેટર મોકલવામાં આવશે. જેમાં પરીક્ષા સેન્ટર, સમય, ઉમેદવારની માહિતી તેમજ અગત્યની પરીક્ષા લક્ષી સૂચનાઓનો સમાવેશ કરવામાં આવશે.

(૨૧) કોઈ પણ ઉમેદવાર ને કોલ-લેટર વગર પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવા દેવામાં આવશે નહીં.

(૨૨) દરેક સંવર્ગ માટે ઉમેદવારે અલગથી અરજી કરવાની રહેશે.

**૧૨. પરીક્ષામાં પ્રવેશ :**

(૧) અરજી કરનાર દરેક અનામત વર્ગના ઉમેદવારને અરજીની પ્રાથમિક ચકાસણી બાદ જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.
(૨) ઉમેદવારે પસંદ કરેલ વિષયમાં અગર યોગ્યતા પ્રાપ્ય હશે તો જ, જે-તે વિષયની પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.
(3) જે ઉમેદવારો Written Testના પરિણામમાં લાયકી ગુણ(qualifying marks) મેળવેલ હશે તેઓએ સંયુકત પસંદગી સમિતિ દ્વારા ઠરાવ્યા મુજબના પ્રમાણપત્રો જીબીઆરસીની કચેરીને મોકલી આપવાના રહેશે અથવા જો જણાવવામાં આવે તો અસલ પ્રમાણપત્ર અને તેની નિયત કરેલ નકલો સાથે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.
(૪) પ્રમાણપત્રોની ચકાસણી બાદ જ મૌખિક કસોટીમાં પ્રવેશ અંગે પસંદગી સમિતિ નિર્ણય લેશે જે આખરી ગણાશે.

**૧૩.વૈજ્ઞાનિક-બી માટે પસંદગીની પ્રક્રિયા:-**

જાહેરાતની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર તમામ ઉમેદવારે Written Test બાદ ઉમેદવારે મૌખિક કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ પસંદગી સમિતિને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

**૧૩(૧). Written Test: Preliminary & Main Test (લેખિત કસોટી: પ્રાથમિક કસોટી અને મુખ્ય કસોટી)**

(૧)આ જાહેરાત અંતર્ગત દરેક વિષયવાર કુલ બે પરીક્ષા યોજવામાં આવશે જેમાં બંને પરીક્ષાઓ એકસાથે યોજવામાં આવશે. ઉપરોક્ત જગ્યાઓ માટે સૌ પ્રથમ પ્રાથમિક કસોટી (Preliminary Test) ત્યાર બાદ મુખ્ય કસોટી (Main Test) યોજવામાં આવશે. Writen Test માં ૫૦% કરતાં ઓછા ગુણ મેળવનાર ઉમેદવારોને મૌખિક કસોટી માટે પસંદ કરવામાં આવશે નહી. આ કસોટીના અંતે પેરા ૧૩(૨)(૧)માં દર્શાવ્યા અનુસાર ઉમેદવારોને મૌખિક કસોટી માટે પસંદ કરવામાં આવશે.
(૨) Written Test કુલ બે ભાગમાં વહેચવામાં આવેલ છે જેમાં પ્રાથમિક કસોટી (Prelims Test) તથા મુખ્ય કસોટી (Main Test) એમ કુલ બે પેપર રહેશે. પેપર-૨ વિષય પ્રમાણે અલગ-અલગ લેવામાં આવશે જેની ઉમેદવારે અરજીમાં પસંદગી કર્યા બાદ તેની લાયકાત મુજબ જ પ્રવેશ આપવામાં આવશે.
(3) Written Test કુલ 300 માર્કસની, 300 પ્રશ્નોની અને MCQ પ્રકારની રહેશે અને ઓનલાઇન અથવા OMR based લેવામાં આવશે

**પ્રાથમિક કસોટીનું માળખું નીચે મુજબ રહેશે.**

| ક્રમ | કસોટી | અભ્યાસ ક્રમ | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક કસોટી (Prelims Test)(સામાન્ય જ્ઞાન + સામાન્ય વિજ્ઞાન) | Annexure-IV | ૧૦૦ | ૧ કલાક |

**મુખ્ય કસોટીનું માળખું નીચે મુજબ રહેશે:**

| ક્રમ | કસોટી | અભ્યાસ ક્રમ | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Animal Biotechnology) | Annexure-V | ૨૦૦ | ૨ કલાક |
| ૨ | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Industrial/ Environmental Biotechnology) | Annexure-VI | ૨૦૦ | ૨ કલાક |
| 3 | મુખ્ય કસોટી (Main Test)<br>(વિષય – Marine Biotechnology) | Annexure-VII | ૨૦૦ | ૨ કલાક |

**૧૩(૨). મૌખિક કસોટી :**

(૧) Written Test માં પસંદગી સમિતિએ નિયત કરેલ લાયકી ગુણ (qualifying marks) મેળવનાર ઉમેદવારો પૈકી ભરતી માટે દર્શાવેલ ખાલી જગ્યાના કુલ જગ્યાના આશરે ૬ ગણા ઉમેદવારોને કોમન મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે.
(૨) મૌખિક કસોટીમાં ઉમેદવારે હાજર રહેવું ફરજિયાત છે. ગેરહાજર રહેનાર ઉમેદવારો પસંદગી માટે પાત્રતા ધરાવશે નહી.

(૩) ઉમેદવારે જે-તે વિષયમાં મેળવેલા ગુણની ગણતરી મુદ્દા.૧૩(૩)પ્રમાણે કરવામાં આવશે અને બધા વિષયનું સંયુક્ત મેરીટ બનાવવામાં આવશે તેમજ કોમન મૌખિક કસોટી યોજવામાં આવશે.

**૧૩(૩). વેઇટેજ:**

Written Test નુ વેઇટેજ ૬૦% અને મૌખિક કસોટીનું વેઇટેજ ૪૦% રહેશે. Written Test અને મૌખિક કસોટી બંનેનું મેરીટ ૫૦% થી ઓછુ થશે તે ઉમેદવાર પસંદગીને પાત્ર ગણાશે નહીં. તેમછતાં અગર પૂરતી સંખ્યામાં ઉમેદવાર ન મળે તો મેરીટ કટ-ઓફમાં ફેરફાર કરવાની સત્તા પસંદગી સમિતિ પાસે રહેશે. જે તે જગ્યાની પસંદગી યાદી તૈયાર કરવા માટે જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાને ધ્યાને લેવામાં આવશે. આખરી મેરીટલિસ્ટ બનાવવામાં Written Test તથા મૌખિક કસોટીનું વેઈટેજ ૬૦-૪૦% રહેશે. વધુમાં લેખિત કસોટી તથા મૌખિક કસોટી બંનેમાં ઓછામાં ઓછા ૫૦% ગુણ મેળવવાના રહેશે.

સ્પષ્ટીકરણ:

જો ઉમેદવાર લેખિત કસોટી (Writen Test)માં પ્રાથમિક કસોટી (Preliminary Test) અને કોઈપણ એક વિષય માટે મુખ્ય કસોટી (Mains Test)ના કુલ ૩૦૦માંથી ૧૫૦ ગુણ મેળવેલ હશે અને મૌખીક કસોટીના ૧૦૦ ગુણમાંથી ૬૦ ગુણ મેળવશે તો લેખિત કસોટી (Written Test)ના ૬૦ ટકા ગુણભાર મુજબ ૩૦ ગુણ અને મૌખીક કસોટીના ૪૦ ટકા ગુણભાર મુજબ ૨૪ ગુણ એમ કુલ ૫૪ ગુણ થશે. આ પ્રમાણે દરેક લાયક વિષયમાટે ગણવામાં આવશે અને પરિણામ પાઠવવામાં આવશે.

Formula For Calculating Final Marks:

[Total marks of written exam (i.e P.T.+M.T.) X 60/300=Weighted Marks of Written Exam] + [Marks obtained in Oral Interview X 40/100=Total Weighted Marks of Oral Interview] = Total Weighted Marks.

**૧૪. પરિણામ :** (૧) આખરી પસંદગી પામેલ, પ્રતિક્ષા યાદી(wait listed) પરના તથા લાયકી ગુણ(qualifying marks) મેળવેલ ઉમેદવારોની વિગતો જીબીઆરસીની વેબસાઈટ પર મૂકવામાં આવશે. (૨) આ પસંદગીમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક તેમજ મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે. (૩) પસંદગી નહી પામેલ ઉમેદવારોની વિગત અને તેઓએ મેળવેલ ગુણ પણ જીબીઆરસીની વેબસાઇટ પર મૂકવામાં આવશે અને આ અંગેની જાણકારી સંબધિત ઉમેદવારોને ઈ-મેઇલ/પત્ર દ્વારા પાઠવવામા આવશે.

**૧૪(૧). પ્રતિક્ષા યાદી(waitlist)ની જોગવાઇઓ :**

૧. કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં અથવા સીધી પસંદગીથી ભરતીના કિસ્સામાં પ્રતિક્ષાયાદીની મુદત બે વર્ષ અથવા તો તે પછીની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પૈકી જે વહેલું હોય તેના આગલા દિવસ સુધી (કચેરી સમય સુધી જ) અમલ રહેશે.

૨. કોઈ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના અન્વયે તથા સીધી પસંદગીથી ભરતી અન્વયે પ્રતિક્ષાયાદીનું કદ જાહેરાતમાં દર્શાવેલ જ્ગ્યાના ૨૦% રાખવાનું રહેશે. પરંતુ જો જાહેરાતમાં કેટેગરી વાઇઝ ૦૧ થી ૧૦ જ્ગ્યાઓ હોય, તો કેટેગરીવાઇઝ ઓછામાં ઓછા ૦૨ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી અવશ્ય બનાવવાની રહેશે.

૩. પસંદગી યાદીના ઉમેદવારને નિમણૂંક આપવામાં આવે અને જો તે હાજર ન થાય અથવા એક વર્ષમાં રાજીનામું આપીને અથવા અવસાન કે અન્ય કારણોસર નોકરી છોડી જાય અથવા અન્ય કારણસર ફરજમુકત થાય તો જે જગ્યાઓ ખાલી પડે તે જે કેટેગરીની હોય તે તે જ કેટેગરી માટેની પ્રતિક્ષાયાદીમાંથી ઉમેદવારના નામો મેળવી નિમણૂક કરવાની રહેશે.

પ્રતિક્ષા યાદીની મુદત અને પ્રતિક્ષા યાદીના ઉપયોગ અંગેની જોગવાઇઓ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ મુજબની રહેશે તેમજ સરકારશ્રીના આ અંગેના વખતો વખત ના ઠરાવ મુજબની રહેશે.

**૧૫. નિમણૂંક :**

(૧) ઉમેદવારોની નિમણૂંક માટે પસંદગી યાદીને ધ્યાનમાં રાખી વિચારવામાં આવશે. પરંતુ પસંદગી યાદીમાં સામેલ થવાથી નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી.

(૨) ઉમેદવાર જે જગ્યા પર નિમણૂંક માટે બધી રીતે યોગ્ય છે તે માટે જરૂરી લાગે તેવી તપાસ પછી, સંતોષ ન થાય તો તેવા ઉમેદવારની નિમણૂંક કરવામાં આવશે નહિ.

(૩) પસંદગી પામેલ ઉમેદવારને બે વર્ષનાં અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવા અને ઠરાવેલ શરતો સંતોષકારક રીતે પુર્ણ કરવાથી તેઓ નિયમિત નિમણુંકને પાત્ર થશે.

(૪) નિમણૂંક પામેલ ઉમેદવારે જે-તે સંસ્થાના નિયમો મુજબની/ સરકારશ્રી ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તાલીમ પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૬) ઉમેદવારની નિમણૂંક જે તે સંસ્થા અમલમાં હોય તેવા ભરતી અને સેવા નિયમો / સરકારશ્રીના અથવા સરકારશ્રી ઠરાવે તેવા નિયમોને આધિન રહેશે.

(૭) ઉમેદવારને જે જગ્યા માટે નિમણૂંક આપવામાં આવે તે જગ્યા પર નિયત સમયમાં હાજર ન થાય તો તેઓની નિમણૂંક રદ કરવામાં આવશે.

**૧૬. ચેતવણીઓ :** જો કોઈ ઉમેદવાર

(૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે પસંદગી સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે,

(3) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,

(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

(૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેર વ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્ત લિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,

(૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,

(૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેર-વર્તણૂક કરવા માટે,

(૧૦) પરીક્ષાના સંચાલન માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગારી કરવા માટે,

(૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલ કોઈપણ સૂચનાનો ભંગ કરવા માટે, દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો, તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–

(ક) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી તેને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા

(ખ) (૨) કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. પરંતુ તે અર્થે પોતે રજુઆત કરવા ઈચ્છે, તો ઉમેદવારને, લેખિતમાં એવી રજુઆત કરવાની તક આપવામાં આવે તે સિવાય ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળની કોઈપણ શિક્ષા કરી શકાશે નહિ.

(ગ) તદઉપરાંત જો તે અગાઉ સરકારી નોકરીમાં હોય તો, સંબંધિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઈ શકાશે.

**(૧૩)** ઉમેદવાર પોતે કોઈ પણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણુંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણુંક 'રદ' કરીને પડતો મુકી શકાશે. નિમણુંક બાબતે જીબીઆરસીનો નિર્ણય આખરી ગણાશે.

**<u>૧૭. અગત્યની સૂચનાઓ :</u>**

**(૧)** ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબ્લેટ, કેલ્કયુલેટર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશા વ્યવહારના ઈલેકટ્રોનિક્સ– બ્લ્યુ ટુથ સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે.

**(૨)** ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

(૩) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે .

(૪) આ જાહેરાતમાં અગર ઉમેદવાર એક કરતાં વધુ વિષયમાટે લાયકી ગુણ મેળવે છે તો તેને દરેક વિષયવાર યોજવામાં આવેલ મૌખીક કસોટીમાં બોલાવવામાં આવશે જેને અનુલક્ષીને જે-તે ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.`

## Annexure I

(Educational Qualification required for Animal Biotechnology)

1. Animal Biotechnology
2. Animal Genetics
3. Animal Science
4. Biochemistry
5. Biosciences
6. Biotechnology
7. Forensic Biotechnology
8. Genetics
9. LifeSciences
10. Molecular Biology
11. Molecular Biology & Biotechnology
12. Veterinary Science
13. Zoology
14. *A candidate having valid experience in the specialised subject may also be eligible as evident by elective subject / dissertation topic / Ph.D. topic / Publication (As main or corresponding author)*

**Annexure II**

(Educational Qualification required for Industrial/Environmental Biotechnology)

1. Biochemistry
2. Biological Engineering
3. Biomedical Engineering & Instrumentation
4. Biosciences
5. Biotechnology
6. Ecology
7. Environmental Biotechnology
8. Environmental Science
9. LifeSciences
10. Molecular Biology
11. Molecular Biology & Biotechnology
12. Industrial Biotechnology
13. Pharmaceutical Biotechnology
14. Pharmaceutical Science
15. *A candidate having valid experience in the specialised subject may also be eligible by evident either from elective subject / dissertation topic / Ph.D. topic / Publication (As main or corresponding author)*

## Annexure III

(Educational Qualification required for Marine Biotechnology)

1. Aquatic Biology
2. Biochemistry
3. Fisheries
4. Marine Biology
5. Marine Biotechnology
6. Molecular Biology
7. Molecular Biology & Biotechnology
8. A candidate having valid experience in the specialised subject may also be eligible as evident by elective subject / dissertation topic / Ph.D. topic / Publication (As main or corresponding author)

## ANNEXURE-IV

## Syllabus for the Preliminary Test for the Post of Scientist-B (Paper-1)

Duration: 1 hour    Total Marks: 100

### Part-I (Gujarati Medium)

| Subject | Marks |
|---|---|
| Gujarati language and Grammer | 10 |
| English language and Grammer | 10 |
| General Knowledge: Gujarat:- History, Geography, Culture, Constitution of India, Sports, General Science, Current affairs, Basic Computer, Reasoning, Environment, Public Administration, Panchayati raj, Mathamatical tests, Logical Reasoning. | 15 |
| **Total of Part-I** | **35 marks** |

### Part-II (English Medium)

| S.No. | Topics | Marks |
|---|---|---|
| 1 | Biotechnology and applied subjectes | 65 Marks |
| | **Total of Part-II** | 65 Marks |
| | **Total of Part-I & II** | 100 Marks |

Part-I and II shall be of the objective type (Multiple choice questions). Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

## ANNEXURE-V
## Syllabus for the Main Test for the Post of Scientist-B (Animal Biotechnology)

Duration: 2 hour Total Marks: 200

**(English Medium)**

| S.No. | Topics | Marks |
|---|---|---|
| 1 | Animal Biotechnology, based on the subjects listed in educational qulification | 200 Marks |
| | **Total** | 200 Marks |

The main test shall be of the objective type (Multiple choice questions). Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

## ANNEXURE-VI
## Syllabus for the Main Test for the Post of Scientist-B (Industrial/ Environmental Biotechnology)

Duration: 2 hour Total Marks: 200

**(English Medium)**

| S.No. | Topics | Marks |
|---|---|---|
| 1 | Industrial/Environmental Biotechnology, based on the subjects listed in educational qulification | 200 Marks |
| | **Total** | 200 Marks |

The main test shall be of the objective type (Multiple choice questions). Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

# ANNEXURE-VII
## Syllabus for the Main Test for the Post of Scientist-B (Marine Biotechnology)

Duration: 2 hour

Total Marks: 200

### (English Medium)

| S.No. | Topics | Marks |
|---|---|---|
| 1 | Marine Biotechnology, based on the subjects listed in educational qulification | 200 Marks |
| | **Total** | 200 Marks |

The main test shall be of the objective type (Multiple choice questions). Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.